ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી/સીએન્ડઈ/2018/7058-59,તા. 20-03-2018થી મંજૂર

# કલરવ

## (ગુજરાતી-પર્યાવરણ)

## ધોરણ ૧

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

વિદ્યાર્થીનું નામ : ____________________

શાળાનું નામ : ____________________

વર્ગ : __________ રોલ નંબર : __________

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર-૩૮૨ ૦૧૦

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે.
આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**લેખન-સંપાદન**

શ્રી પ્રકાશ ભટ્ટી
શ્રી જિજ્ઞેશપુરી ગોસ્વામી
શ્રી મિનેષ વાળંદ
શ્રી રમેશચંદ્ર ઠક્કર
શ્રી હર્ષવી પટેલ

**સમીક્ષા**

ડૉ. ભીખુભાઈ વેગડા
શ્રી ભગવાનદાસ દૂધરેજિયા
શ્રી રાકેશ પટેલ
શ્રી મનન બુદ્ધદેવ
શ્રી મનીષ સુથાર
શ્રી વિક્રમ શિયાળ

**ચિત્રાંકન**

શ્રી રાજેશ બારૈયા

**સંયોજન**

ડૉ. ક્રિષ્ના દવે
(વિષય-સંયોજક : અંગ્રેજી)

**નિર્માણ-સંયોજન**

શ્રી હરેન શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય સ્તરે સમાન અભ્યાસક્રમ રાખવાની ગુજરાત સરકારશ્રીની નીતિ અનુસંધાને ધોરણ ૧માં NCERTના ગણિત વિષયના અનુવાદિત પાઠ્યપુસ્તકનો જૂન, ૨૦૧૮થી રાજ્યવ્યાપી અમલ થનાર છે. અગાઉ ધોરણ ૧માં ગણિત-ભાષા-પર્યાવરણનું સંયુક્ત પાઠ્યપુસ્તક અમલમાં હતું. પરંતુ NCERT મુજબ ગણિત વિષય જુદો પડતાં **ધોરણ ૧નું કલરવ (ગુજરાતી-પર્યાવરણ)**નું પાઠ્યપુસ્તક પણ NCERTની તરાહ તથા નિર્દિષ્ટ બાબતો આધારિત અલાયદુ તૈયાર કરી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સમક્ષ રજૂ કરતાં પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

GCERT, ગાંધીનગર દ્વારા નિર્મિત અભ્યાસક્રમ આધારિત આ પાઠ્યપુસ્તક GCERT દ્વારા જ સૂચિત નિષ્ણાતો વડે તૈયાર કરવામાં આવ્યું છે તથા તેની સમીક્ષા નિષ્ણાત શિક્ષકો વડે કરવામાં આવી છે. આ પાઠ્યપુસ્તકના રાજ્યવ્યાપી અમલ પૂર્વે પાઠ્યપુસ્તક મંડળ અને GCERTના નિષ્ણાતોની સંયુક્ત બેઠક બોલાવી, પુસ્તકની ચકાસણી કરવામાં આવી છે અને સૂચિત સુધારાઓને આમેજ કરી પુસ્તકને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને ગુણવત્તાયુક્ત તથા બાળભોગ્ય બનાવવા માટે પૂરતી જહેમત ઉઠાવવામાં આવી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી સૂચનો આવકાર્ય છે. તેનાં ચતુરંગી સ્વરૂપ દ્વારા બાળકો હોંશે-હોંશે તેનો ઉપયોગ કરે અને ભાષા-પર્યાવરણની અધ્યયન નિષ્પત્તિઓ સાર્થક કરે તે લક્ષિત છે.

**પી. ભારતી (IAS)**

| | |
|---|---|
| નિયામક | કાર્યવાહક પ્રમુખ |
| તા. ૩૧-૦૧-૨૦૨૦ | ગાંધીનગર |

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮, પુનઃમુદ્રણ : ૨૦૧૯, ૨૦૨૦

**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી પી. ભારતી (IAS), નિયામક

**મુદ્રક :**

## મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજો નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-(ક)

# આ પાઠ્યપુસ્તક વિશે...

વિદ્યાર્થી પ્રાથમિક શાળાના પહેલા ધોરણમાં પ્રવેશ મેળવે ત્યારે અપરિચિત વાતાવરણમાં દાખલ થતો હોય છે. વિદ્યાર્થી ઘર અને સમાજમાંથી ભાષા શીખીને આવે છે, પરંતુ શાળામાં જ્યાં સુધી વાચન વ્યવસ્થિત ન આવડે ત્યાં સુધી પાઠ્યપુસ્તક દ્વારા ભાષાશિક્ષણ કારગત નીવડતું નથી. પ્રારંભિક તબક્કે વિદ્યાર્થીને વાચન અને લેખન શીખવવામાં શિક્ષકે ધીરજપૂર્વક પ્રયાસો કરવા જરૂરી છે.

પાઠ્યપુસ્તકમાં શરૂઆતના બે એકમ વિદ્યાર્થીઓને શાળામાં આવવું ગમે, શાળામાં રોકાવું ગમે તેવી શાળા તત્પરતાની પ્રવૃત્તિઓ કરાવવાના હેતુથી મૂકવામાં આવેલ છે. આ પ્રવૃત્તિઓમાં બાળગીત, વાર્તાકથન, માટીકામ, ચિત્રકામ, રંગપૂરણી, રમતો, કાગળકામનો સમાવેશ કરેલ છે. જેના દ્વારા વિદ્યાર્થીઓમાં શાળાનું આકર્ષણ ઊભું કરી શકાય. પ્રવૃત્તિ શિક્ષણ પ્રત્યે તેમની રસવૃત્તિને પોષે છે. આ પુસ્તક ભાષા અને પર્યાવરણના સંકલિત શિક્ષણ માટે તૈયાર થયેલ છે. અહીં આપેલી અનેકવિધ પ્રવૃત્તિઓ અને રમતોને ભાષા અને પર્યાવરણ સાથે જોડી દેવાથી વિદ્યાર્થી માટે શિક્ષણ સહજ અને સુદૃઢ બનશે. આ બાબતોને ધ્યાનમાં રાખી શૈક્ષણિક એકમોની રચના કરવામાં આવી છે.

વિદ્યાર્થીઓની વયકક્ષાને ધ્યાનમાં રાખી શૈક્ષણિક એકમોમાં ઓળખો, રંગ પૂરો, દોરો, વાંચો, લખો, જવાબ આપો એવી ટૂંકી સૂચનાઓ આપવામાં આવેલ છે. એકમના અંતે ‘શિક્ષક માટે’ વિભાગમાં શિક્ષકે વિદ્યાર્થી પાસે શું કરાવવાનું છે તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે તથા ભાષા અને પર્યાવરણની અધ્યયન ઉપલબ્ધિઓ તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓને મૂળાક્ષરો પરથી શબ્દો અને વાક્યોનું યોગ્ય રીતે વાચન અને લેખન કરી શકે તે માટે પૂરતા પ્રમાણમાં મહાવરો આપવામાં આવ્યો છે. શ્રવણ-કથન-કૌશલ્યના વિકાસ માટે પૂરતી તકો આપવામાં આવી છે. પર્યાવરણ વિષયનું શિક્ષણ સ્વાભાવિક રીતે શ્રવણ, કથન, વાચન, લેખન, પ્રશ્નોત્તરી જેવાં ભાષાકીય સાધનો દ્વારા થાય છે. આમ, ભાષા અને પર્યાવરણના સંકલિત શિક્ષણ ઉપર પૂરતું ધ્યાન આપવાનું છે.

પુસ્તકમાં વાર્તા, ગીતો, જોડકણાં, રમતો આપવામાં આવ્યાં છે પણ આ જ ગીતો કે વાર્તાઓનો ઉપયોગ કરવો એવો આગ્રહ નથી. શિક્ષક સ્થાનિક કવિતા-વાર્તાઓનો ઉપયોગ કરી શકશે. છાપેલી વાર્તા એ જ શબ્દોમાં કહેવી જરૂરી નથી. જે-તે વિસ્તારના

વિદ્યાર્થીઓ સમજી શકે તેવી સ્થાનિક બોલીના શબ્દો કે ભાષાશિક્ષક વાપરી શકે છે.

પુસ્તકમાં આપેલ એકમની રજૂઆત વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને સાદી અને સરળ ભાષામાં આપવામાં આવેલ છે. શીખવવાનો ક્રમ ભાષાના કૌશલ્યના વિકાસને ધ્યાનમાં રાખી આપવામાં આવેલ છે, જે શિક્ષક અને વિદ્યાર્થીને ઉપયોગી નીવડશે.

પાઠ્યપુસ્તક એ શૈક્ષણિક સાધન છે. શિક્ષકો આ સાધનનો વર્ગખંડમાં ઉત્તમ રીતે ઉપયોગ કરી વિદ્યાર્થીઓની અપેક્ષિત સિદ્ધિ મેળવવામાં સફળ નીવડશે એવી આશા છે.

પાઠ્યપુસ્તક વિશે તમારાં સૂચનો મોકલશો તો હવે પછીની પુનર્મુદ્રિત આવૃત્તિ તૈયાર કરવામાં ઉપયોગી નીવડશે.

**– લેખકો-સંપાદકો**

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પાના નંબર |
|---|---|---|
| ૧. | શાળા તત્પરતા : ૧ | ૧ |
| ૨. | શાળા તત્પરતા : ૨ | ૧૮ |
| ૩. | અજબ જેવી વાત છે | ૩૨ |
| ૪. | આવ રે વરસાદ | ૪૧ |
| ૫. | અમે સૌ | ૫૧ |
| ૬. | મજા પડે, મજા પડે | ૬૩ |
| ૭. | ચપટી વાગી | ૭૩ |
| ૮. | હું તો મોટો થઈશ ! | ૮૪ |
| ૯. | પોપટે ખાધી પાકી કેરી | ૯૫ |
| ૧૦. | વડદાદા | ૧૧૩ |





# શાળા તત્પરતા : ૧

## ચાંદો-સૂરજ રમતા'તા



અમે ચાંદો-સૂરજ રમતા'તા,
રમતાં-રમતાં કોડી જડી, કોડીનાં મેં ચીભડાં લીધાં,
ચીભડે મને બી આપ્યું, બી તો મેં વાડે નાખ્યું.



વાડે મને વેલો આપ્યો, વેલો મેં ગાયને આપ્યો,
ગાયે મને દૂધ આપ્યું, દૂધ મેં મોરને પાયું.



મોરે મને પીછું આપ્યું, પીંછું મેં બાદશાહને આપ્યું,
બાદશાહે મને ઘોડો આપ્યો, ઘોડો મેં બાવળે બાંધ્યો.



બાવળે મને શૂળ આપી, શૂળ મેં ટીંબે ખોસી,
ટીંબે મને માટી આપી, માટી મેં કુંભારને આપી.




કુંભારે મને ઘડો આપ્યો, ઘડો મેં કૂવાને આપ્યો,
કૂવાએ મને પાણી આપ્યું, પાણી મેં છોડને પાયું.



છોડે મને ફૂલ આપ્યું, ફૂલ મેં માને આપ્યું,
માએ મને લાડવો આપ્યો, લાડવો હું ખાઈ ગયો.

## ૧. ચિત્ર જુઓ અને જવાબ આપો.



(૧) આ ચિત્ર શાનું છે ?

(૨) ચિત્રમાં શું-શું દેખાય છે ?

(૩) તમારું ઘર ક્યાં આવેલું છે ?

(૪) તમારું ઘર શાની બાજુમાં આવેલું છે ?

(૫) તમારા ઘરમાં કોણ-કોણ રહે છે ?

(૬) તમારા ઘરની કઈ-કઈ વસ્તુઓ તમને ગમે છે ?


(૭) પંખીના ઘરને શું કહેવાય ?

(૮) ઘર ન હોય તો શું થાય ?

૨. રંગ પૂરો.




૩. ઉદાહરણ મુજબ કરો.



• લખો.

૪. દોરો.



## ૫. ચિત્રવાર્તા





## ૬. તફાવત શોધો.







## ૭. રસ્તો બતાવો.









## ૮. છાપકામ કરો.



















સામેના પાન પર આપેલ છાપ મુજબ છાપકામ કરો.

## ૯. માટીકામ કરો.








## ૧૦. અભિનય કરો.












## ૧૧. કરી જુઓ.


(૧) શીશી વડે ગ્લાસમાં પાણી ભરો.




(૨) ગ્લાસ વડે ડોલમાં રેતી ભરો.



(૩) ડોલમાં લખોટી નાખો.



(૪) સોયમાં દોરો પરોવો.




## ૧૨. રમત :

ટમેટું રે ટમેટું
નદીએ ના'વા જાતું'તું.



૧૩. ગીત ગાઓ.

## મેં તો ફુગ્ગો પાળેલ છે...



કોઈ પાળે કુરકુરિયું ને કોઈ પાળે ગાય,
એ ભાઈ... એ ભાઈ... એ ભાઈ ભાઈ ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે.

ફુગ્ગામાંથી બને કબૂતર, ફુગ્ગામાંથી ચક્કો,
ફુગ્ગામાંથી બનતો જોકર એની માથે ટક્કો.
દોરી સાથે બાંધું તો અધ્ધર અધ્ધર જાય.
એ ભાઈ... એ ભાઈ... એ ભાઈ ભાઈ ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે.

લાકડી ઉપર બાંધું તો મારી સાઈકલ સ્કૂટર થાય.
ખિસ્સામાં મૂકું તો છાનોમાનો સૂઈ જાય.
એ ભાઈ... એ ભાઈ... એ ભાઈ ભાઈ ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે.

– રમેશ પારેખ



# શિક્ષકો માટે

(૧) ઘરનું ચિત્ર બતાવીને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરવી.

(૨) ઘરના રેખાચિત્રમાં વિદ્યાર્થીને મનગમતા રંગ પૂરાવો.

(૩) આપેલ ઉદાહરણ મુજબ કરાવો. વિદ્યાર્થી જાતે દોરે તે પણ ચકાસો.

(૪) ચોક્કસ તરાહમાં આપેલ વળાંકો દોરાવવા.

(૫) ચિત્ર જોઈ વિદ્યાર્થીઓને વાર્તા કહેવા પ્રોત્સાહિત કરવા.

(૬) આપેલ બંને ચિત્રોમાં રહેલ તફાવતની ચર્ચા કરો અને જ્યાં તફાવત દેખાય છે ત્યાં ◯ કરાવો.

(૭) આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થી સ્વપ્રયત્ને રમકડું, બોટલ અને ભમરડા સુધી પહોંચશે. છાપેલી લીટીને અડક્યા વગર પેન્સિલ વડે રસ્તો દોરે તેવી સૂચના આપવી.

(૮) આ પ્રવૃત્તિમાં (૧) કાગળના ડૂચાથી છાપકામ (૨) પાંદડાંથી છાપકામ (૩) આંગળીઓથી છાપકામ (૪) ભીંડા-બટાકાથી છાપકામ (૫) સિક્કાથી છાપકામ (૬) દોરાથી છાપકામ (૭) હાથ-પગથી છાપકામ કરાવો.

(૯) આ પ્રવૃત્તિમાં (૧) મણકા (૨) ગોળો (૩) સીતાફળ જેવા વિવિધ આકારોનું માટીકામ કરાવો.

(૧૦) આ પ્રવૃત્તિમાં પરિચિત પાત્રોનો અભિનય કરાવવો. દાદા-દાદી, માતા-પિતા, દૂધવાળો, ડૉક્ટર, શાકભાજી વેચનાર, હાથી, કૂતરો વગેરે.

(૧૨) ટમેટું રે ટમેટું... રમત રમાડો.

**રમત :** વિદ્યાર્થીઓ એક મોટા વર્તુળમાં ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ઊભા રહે છે. તેઓ રમાડનારની સૂચના મળતાં દોડે છે. વર્તુળ ઉપર એક જગ્યાએ બે બાળકો તેમના બંને હાથના સામસામે આંગળાં ભીડી દરવાજો બનાવી ઊભાં રહે છે. વર્તુળમાં દોડતાં બાળકો આ દરવાજામાંથી પસાર થાય છે. દોડવાની આ ક્રિયા ચાલતી હોય ત્યારે રમાડનાર નીચેનું જોડકણું બોલે છે અને બાળકો દોડતાં દોડતાં ઝીલે છે :

ટમેટું રે ટમેટું
નદીએ ના'વા જાતું'તું.
ઘી-ગોળ ખાતું'તું.

જોડકણું એક-બે વખત ગાયા પછી રમાડનાર એક, બે અને ત્રણ એમ બોલે છે. ત્રણ બોલવાની સાથે વિદ્યાર્થીઓ હાથનો દરવાજો નીચે કરી દે છે. દોડતા વિદ્યાર્થીઓમાંથી એક-બે વિદ્યાર્થીઓ એ દરવાજામાં આવી જાય છે. દરવાજામાં આવેલા વિદ્યાર્થીઓ રમતમાંથી બાદ થાય છે. ફરી પાછી રમત શરૂ થાય છે. દરેક વખતે કોઈ ને કોઈ વિદ્યાર્થી દરવાજામાં પકડાઈ આઉટ થાય છે. દરેક વિદ્યાર્થી પકડાઈ જાય ત્યાં સુધી આ રમત ચાલે છે. બીજીવાર રમત શરૂ કરે ત્યારે દરવાજા માટે બીજા બે વિદ્યાર્થીઓ પસંદ થાય છે ને દરવાજાવાળા વિદ્યાર્થીઓ રમતમાં જોડાય છે.

(૧૩) આ અને આવાં બીજાં પૂરક ગીતોનું ગાન કરાવો.

# શાળા તત્પરતા : ૨





## ચકીબેન... ચકીબેન...

ચકીબેન ચકીબેન મારી સાથે રમવા
આવશો કે નહિ આવશો કે નહિ

બેસવાને પાટલો સૂવાને ખાટલો
ઓઢવાને પીંછાં આપીશ તને આપીશ તને







પહેરવાને સાડી મોરપીંછાંવાળી
ઘમ્મરિયો ઘાઘરો આપીશ તને આપીશ તને.

ચક ચક કરજો, ચીં...ચીં... કરજો
ચણવાને દાણા આપીશ તને આપીશ તને.



બા નહિ વઢશે બાપુ નહિ વઢશે,
નાનો બાબો તને ઝાલશે નહિ ઝાલશે નહિ.
ચકીબેન ચકીબેન....



## ૧. ચિત્ર જુઓ અને જવાબ આપો.



**પ્રશ્નો :**

(૧) આ ચિત્રમાં શું-શું દેખાય છે ?

(૨) આ ચિત્રમાં બાળકો શું કરે છે ?


(૩) તમને કઈ રમત રમવી ગમે છે ?

(૪) ઘરમાં તમારી સાથે કોણ રમે છે ?


(૫) તમારા ઘરે રમવા કોણ-કોણ આવે છે ?

(૬) તમે રમવા ક્યાં જાઓ છો ?

૨. રંગ પૂરો.





૩. જોડકાં જોડો.



## ૪. ચાલો બનાવીએ.













૫. ટપકાં જોડો.





૬. અલગ પડતા ચિત્ર ઉપર ◯ કરો.





૭. વસ્તુઓ ઘરમાં હોય તો લાલ ●, શાળામાં હોય તો લીલો ● અને બંને જગ્યાએ હોય તો પીળો ○ રંગ કરો.


















## ૮. કરી જુઓ.


(૧) એક અથવા એકથી વધુ નાના વાસણમાં પાણી લઈ લાકડીથી વાસણને વગાડી તેમાંથી જે અવાજ આવે તેનો આનંદ લેવો.



(૨) થાળીમાં પાણી ભરી વચ્ચે ફૂંક મારો, ફૂંક મારતાં પાણીમાં શું થાય છે ?



(૩) થાળીમાં પાણી ભરી તડકે મૂકો. થાળીને તડકે મૂકતાં શું થાય છે ?



(૪) તગારામાં પાણી ભરી અંદર કાંકરી નાખો. કાંકરી નાખતાં શું થાય છે ?



(૫) પાણીમાં કપડાં ધોવાનો પાવડર નાખી હલાવતાં શું થાય છે ?



# ૯. વાર્તા : આનંદી કાગડો



એક કાગડો હતો. તેના પર એકવાર રાજા ગુસ્સે થયા. એટલે રાજાએ તેના માણસોને કહ્યું, 'જાઓ, આ કાગડાને ગામના કૂવાના કાંઠે ગારો છે તેમાં ખૂતાડીને મારી નાખો.'

કાગડાને રાજાજીના હુકમ પ્રમાણે ગારામાં નાખવામાં આવ્યો. કાગડાભાઈ તો ગારામાં ખૂંદાતા-ખૂંદાતા આનંદથી બોલવા લાગ્યા :

**"લપસણું કરતાં શીખીએ છીએ ભાઈ !**
**લપસણું કરતાં શીખીએ છીએ."**

રાજા અને માણસો તો નવાઈ પામ્યા કે આ કાગડો ગારામાં ખૂતવાથી દુઃખી થવાને બદલે આનંદથી કેમ બોલે છે ? રાજાને ગુસ્સો ચઢ્યો અને બીજો હુકમ કર્યો – 'નાખો એને કૂવામાં એટલે ડૂબીને મરી જાય.'

કાગડાને કૂવામાં નાખ્યો. કાગડાભાઈ તો કૂવામાં તરતાં-તરતાં બોલે છે :

**"કૂવામાં તરતાં શીખીએ છીએ, ભાઈ !**
**કૂવામાં તરતાં શીખીએ છીએ."**



રાજા હવે વધારે ગુસ્સે થયા. એ કહે, 'હવે કાગડાને આકરી શિક્ષા કરો.'

પછી કાગડાભાઈને કાંટાના એક મોટા જાળામાં નંખાવ્યા તોય કાગડાભાઈ તો એના એ જ ! આનંદી ! કાંટામાં આનંદથી ગાવા લાગ્યા :

"કૂણા કાન વીંધાવીએ છીએ, ભાઈ !
કૂણા કાન વીંધાવીએ છીએ."

રાજા કહે – 'કાગડો તો ભારે જબરો ! ગમે તે દુઃખમાં એ દુઃખી જ નથી થતો. ચાલો, હવે એવી જગ્યાએ નાખીએ કે એ દુઃખી-દુઃખી થઈ જાય.' પછી કાગડાભાઈને એક તેલની કોઠીમાં નાખ્યા તોય કાગડાભાઈ તો ખુશના ખુશ.


"તેલ કાને મૂકીએ છીએ, ભાઈ !
તેલ કાને મૂકીએ છીએ."

પછી તો રાજાએ કાગડાને ઘીના કૂલડામાં નાખ્યો. તો કાગડો એમાં પણ ખુશ થતો બોલે :

"ઘીના લબકા ભરીએ છીએ, ભાઈ !
ઘીના લબકા ભરીએ છીએ."

રાજા તો ખૂબ ખિજાયા ને કાગડાને ગોળની કોઠીમાં નંખાવ્યો. કાગડાભાઈ તો મજાથી ગીત ગાય :

"ગોળનાં દડબાં ખાઈએ છીએ, ભાઈ !
ગોળનાં દડબાં ખાઈએ છીએ."



પછી રાજાએ કાગડાને એક ઘર ઉપર ફેંક્યો.

ત્યાં બેઠો-બેઠો કાગડો ગાય –

"નળિયાં ચાળતાં શીખીએ છીએ, ભાઈ !
નળિયાં ચાળતાં શીખીએ છીએ."

છેવટે રાજા થાકી ગયા. રાજાને થયું આ કાગડો તો મહાઆનંદી છે. એને ગમે તેટલું દુઃખ આપીશું તોય આનંદમાં જ રહેશે. રાજા કહે – 'આને ઉડાડી મૂકો.' આને કોઈ અસર થશે નહિ અને પછી કાગડાને ઉડાડી મૂક્યો.

– ગિજુભાઈ બધેકા

◆

# ૧૦. ગીત ગાઓ.

## ૧. ઢીંગલી મારી...



ખાતી નથી પીતી નથી, ઢીંગલી મારી બોલતી નથી,
બોલ બા બોલ એને કેમ બોલાવું કેમ બોલાવું ?
ડોલમાં બેસાડી તેને નવરાવું,
ચંપાનાં ફૂલની વેણી ગૂંથાવું.
તોપણ તે બોલતી નથી...



ઘંટી ને ઘૂઘરો આપું છું રમવા
સોનાના પાટલે બેસાડું જમવા
તોપણ તે ખાતી નથી...



પંખી બતાવું ડાળીએ ઝૂલતાં
મેના-પોપટ ને મોરલા ટહુકતાં
તોપણ તે ગાતી નથી...



પહેરાવું ઝાંઝરી ને રેશમી ઝબલું
ઘુમ-ઘુમ નાચું ને વગાડું તબલું
તોપણ તે નાચતી નથી...



ચાંદામામા તો આકાશે રમતા
બાબાગાડીમાં ઢીંગલીબેન ફરતાં
મારે પણ બોલવું નથી...





## ૨. મેં એક બિલાડી પાળી છે...





મેં એક બિલાડી પાળી છે,
તે રંગે બહુ રૂપાળી છે.

તે હળવે-હળવે ચાલે છે
ને અંધારામાં ભાળે છે.

દૂધ ખાય, દહીં ખાય,
ઘી તો ચપચપ ચાટી જાય.



તે ઉંદરને ઝટપટ ઝાલે,
પણ કૂતરાથી બીતી ચાલે,



તેના ડિલ પર ડાઘ છે.
તે મારા ઘરનો વાઘ છે.

**– ચંદ્રવદન મહેતા**

## ૧૧. રમત

### ચકલી ઊડે.... ફરરર



# શિક્ષકો માટે

(૧) બગીચાના ચિત્ર પરથી આપેલ પ્રશ્નોના જવાબ મેળવવા.

(૨) ચિત્રમાં રંગપૂરણી કરાવો.

(૩) રમતનાં સાધનોની જોડી બનાવડાવો.

(૪) આ પ્રવૃત્તિમાં – કાગળનાં તોરણ, પાનનાં તોરણ, કાગળની હોડી, કાગળના ડૂચાના લાડવા, બટન પરોવવાં વગેરે કરાવો.

(૫) આ પ્રવૃત્તિમાં ટપકાં જોડાવીને બાકીના વર્તુળમાં તે મુજબ દોરાવો.

(૬) આ પ્રવૃત્તિમાં અલગ પડતા ચિત્ર ઉપર ◯ કરાવો તથા પશુ, પક્ષી વિશે ચર્ચા કરાવો.

(૭) આ પ્રવૃત્તિમાં ઘરમાં જે વસ્તુઓ હોય તેમાં લાલ રંગ, શાળામાં હોય તો લીલો રંગ અને બંને જગ્યાએ હોય તો પીળો રંગ પૂરાવો તથા દરેક વસ્તુના ઉપયોગ અંગે વિદ્યાર્થી પાસે કહેવડાવો.

(૮) આવી અન્ય કુતૂહલપ્રેરક પ્રવૃત્તિ કરાવો.

(૧૧) બધા વિદ્યાર્થીઓને અર્ધવર્તુળમાં બેસાડવાં. શિક્ષક પંખી, પ્રાણીઓ અને વસ્તુઓનાં નામ એક પછી એક બોલતા જાય. પંખીનું નામ આવે ત્યારે વિદ્યાર્થીઓ ‘ફરરર...’ એવો અવાજ અને હાથથી ઊડવાની ક્રિયા કરશે. પ્રાણી અને વસ્તુનાં નામ વખતે જે વિદ્યાર્થી આમ કરશે તે આઉટ ગણાશે.

◆

# ૩ : અજબ જેવી વાત છે





નાની મારી આંખ, એ જોતી કાંક કાંક,
એ તે કેવી અજબ જેવી વાત છે !

નાક મારું નાનું, એ સૂંઘે ફૂલ મજાનું,
એ તે કેવી અજબ જેવી વાત છે !



નાના મારા કાન, એ સાંભળે દઈને ધ્યાન,
એ તે કેવી અજબ જેવી વાત છે !

નાનું મોઢું મારું, એ બોલે સારું સારું,
એ તે કેવી અજબ જેવી વાત છે !



નાના મારા હાથ, એ તાળી પાડે સાથ,
એ તે કેવી અજબ જેવી વાત છે !



પગ મારા નાના, એ ચાલે છાનામાના,
એ તે કેવી અજબ જેવી વાત છે !

– ઉપેન્દ્રાચાર્ય

**નવા શબ્દો**

અજબ ◆ કાંક ◆ સાથ ◆ ધ્યાન

## ૧. પ્રશ્નોના જવાબ આપો.

(૧) આપણે શાના વડે જોઈએ છીએ ?

(૨) કાન શું કામ કરે છે ?

(૩) આપણે તાળી શાનાથી પાડીએ છીએ ?

(૪) ગીતમાં કયાં-કયાં અંગોની વાત કરવામાં આવી છે ?

## ૨. જોડકાં જોડો.















## ૩. વાંચો.

| | | | |
|---|---|---|---|
| નમ | જન | નમન | ગગન |
| મન | જગ | જગન | મનન |
| | જમ | મગન | |


## ૪. ઉદાહરણ મુજબ રંગ પૂરો.





'ગ' ઓળખો




'મ' ઓળખો




'ન' ઓળખો




'જ' ઓળખો

## ૫. વાંચો.

નમન નમ.

મગન જમ.

મનન નમ, જમન જમ.

ગગન મગ જમ.


૬. ઓળખો અને ◯ કરો.

| | | | |
|---|---|---|---|
| ગ | જ ગ | પ ગ ર વ | મ ગ ર |
| મ | ન મ | મ ગ | જ મ ણ |
| ન | ન મ ન | ન ગ ર | ગ ગ ન |
| જ | જ ન ક | ગ ર જ | ર જ ત |


૭. વાંચો અને જોડો.

| | |
|---|---|
| ગાન | જાગ |
| નામ | માગ |
| જાગ | જાન |
| માગ | ગાન |
| ગાજ | નામ |
| જાન | ગાજ |

૮. ટપકાં જોડો અને લખો.



૯. આંગળી ફેરવો.



૧૦. લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગ | ગ | ગ | ગ | ગ | ગ |
| મ | મ | મ | મ | મ | મ |
| ન | ન | ન | ન | ન | ન |
| ળ | ળ | ળ | ળ | ળ | ળ |
| ા | ા | ા | ા | ા | ા |
| ગા | | | | | |
| મા | | | | | |
| ના | | | | | |
| ળા | | | | | |

## ૧૧. ખૂટતો અક્ષર લખો.



.......ળ



પે.......



ભ.......રડો



પતં.......




.......જર



.......મફળ

## ૧૨. જોડકાં જોડો.



## જવાબ આપો.

(૧) તમે દાંત કેવી રીતે સાફ કરો છો ?

(૨) આપણે નખ કેમ કાપવા જોઈએ ?

(૩) આપણે ક્યારે ક્યારે હાથ ધોવા જોઈએ ?

(૪) છીંક ખાતી વખતે મોં આડે રૂમાલ કેમ રાખવો જોઈએ ?

(૫) ધોયેલાં કપડાં પહેરવાથી શો ફાયદો થાય ?

(૬) શરીર ગંદું કેવી રીતે થાય ?

(૭) ઘરનો કચરો ક્યાં નાખવો જોઈએ ?

(૮) આપણું ઘર કોણ સ્વચ્છ રાખે છે ?

(૯) ઘર અને ગામને ચોખ્ખું રાખવા શું કરવું જોઈએ ?

(૧૦) તમે કચરાપેટી ક્યાં ક્યાં જોઈ છે ?

# શિક્ષકો માટે

(૧) પ્રશ્નોત્તરીના માધ્યમથી વિદ્યાર્થીઓનું શ્રવણ-કૌશલ્ય, અર્થગ્રહણ અને કથન-કૌશલ્ય સુદૃઢ બને તે માટે તેના પર વધુ ભાર મૂકવો.

(૨) શરીરનાં વિવિધ અંગો અને તેની ઉપયોગિતા વિશે જાણે એ જરૂરી છે.

(૩) ગ, મ, ન, જ દ્વારા આપવામાં આવેલ શબ્દોનું વિદ્યાર્થીઓને શ્રવણ કરાવવું.

(૪) વિદ્યાર્થીઓ પાસે રંગ પૂરાવ્યા બાદ મૂળાક્ષરોનું વાચન કરાવો.

(૫) ગ, મ, ન, જ, ા મૂળાક્ષરથી બનતા અન્ય શબ્દો મોટેથી વંચાવો.

(૬) મૂળાક્ષરને ઓળખ્યા બાદ વંચાવો અને આવા અન્ય મહાવરા કરાવો.

(૭) વિદ્યાર્થીઓ ગ, મ, ન, જ મૂળાક્ષર શીખે અને સાથે કાનો ( ા ) શીખે એવા મહાવરા પૂરા પાડવા.

(૮) લેખન માટેનો મહાવરો કરાવો.

(૯) મૂળાક્ષર ઉપર તીરની દિશા મુજબ આંગળી ફેરવાવો.

(૧૦) ' ા ' વાળા શબ્દોનો વધુ મહાવરો કરાવો.

(૧૧) ચિત્ર ઓળખાવી ખૂટતો મૂળાક્ષર લખાવવો.

(૧૨) વિદ્યાર્થીઓ ચિત્રોને આધારે પોતાનાં અંગોની સ્વચ્છતા વિશે પ્રશ્નોના ઉત્તર આપશે.

**આ એકમમાં આપણે શીખ્યા :**

| ભાષા | | પર્યાવરણ |
|---|---|---|
| ગ, મ, ન, જ | ા (કાનો – 'આ'ની માત્રા) | • શરીરનાં અંગોનો પરિચય અને તેની ઉપયોગિતા<br>• અંગોની સ્વચ્છતા |

◆

# ૪ : આવ રે વરસાદ




- આવો મેઘરાજા...
  આવો મેઘરાજા...
  વગડાવો વાજાં,
  પી પી પી પી પોમ્ પોમ્ (૨)
  મુશળધાર મુશળધાર...
  વરસે છે પાણીડા ધાર
  છલબલ છલબલ છોમ્ છોમ્ (૨)
  રેલમછેલ... રેલમછેલ...
  નદીનાળાં રેલમછેલ,
  સરરર... સરરર... સોમ્ સોમ્ (૨)



● વાદળ વાદળ વરસો પાણી
મુજને મજા પડે રમવાની
ઠંડક ઠંડક થાય મારે મન
ટાઢક ટાઢક થાય મારે મન
વાદળ વાદળ વરસો પાણી
જાય નાસી ગરમીની રાણી.


## નવા શબ્દો

ઘેબરિયો ◆ મુશળધાર ◆ રેલમછેલ ◆ ટાઢક

### ૧. સાંભળો અને બોલો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| વર | વન | દસ | દમ | સરસ | વજન |
| નર | મન | રસ | જમ | વરસ | નજર |
| દર | જન | નસ | સમ | સમજ | ગરમ |
| સર | દન | જસ | નમ | મગજ | નરમ |


## ૨. ચિત્ર જુઓ અને સ્વચ્છતા વિશે સમજો.





## ૩. અભિનય કરો.


શરીરનાં અંગોની સફાઈનો અભિનય કરો.

૪. ઓળખો અને રંગ પૂરો.








૫. મોટેથી વાંચો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| નમ | જમ | મગ | વન | જગ | મન |
| નામ | માન | ગાન | વાન | જાન | સાન |
| વેર | દેવ | મેના | રમે | જમે | નમે |

૬. ટપકાં જોડો અને લખો.

૭. આંગળી ફેરવો :



૮. લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| વ | વ | વ | વ | વ | વ |
| ર | ર | ર | ર | ર | ર |
| સ | સ | સ | સ | સ | સ |
| દ | દ | દ | દ | દ | દ |
| ે | ે | ે | ે | ે | ે |
| વે | | | | | |
| રે | | | | | |
| સે | | | | | |
| દે | | | | | |

૯. વાંચો અને લખો.

| | | | |
|---|---|---|---|
| મગ | | નમ | |
| માગ | | નમે | |
| નમ | | ગમ | |
| નામ | | ગમે | |
| રસ | | જમ | |
| રાસ | | જમે | |
| ગજ | | મન | |
| ગાજ | | મને | |


નમન ગરમ જમ.

ગગન રમત રમે.


મનન, દાદાને નમ.

વરસાદ વરસે.

## ૧૦. શબ્દ બનાવો.




વેદ




સેવ

## ૧૧. જોડકાં જોડો.











## ૧૨. ટપકાં જોડો – ચિત્ર બનાવો.




## શિક્ષકો માટે

(૧) વધુ શબ્દોનો મહાવરો કરાવો.
(૨) સ્વચ્છતા વિશે સજાગ થાય એવી પ્રવૃત્તિઓ આપો.
(૩) સમૂહમાં અભિનય કરાવો.
(૪) મૂળાક્ષર ઓળખાવી રંગ પૂરાવો.
(૫) આવા ગ, મ, ન, જ, ા અને વ, ર, સ, દ, ે થી બનતા અન્ય શબ્દો મોટેથી વંચાવો.
(૬) લેખન માટેનો મહાવરો કરાવો.
(૭) મૂળાક્ષર ઉપર તીરની દિશામાં આંગળી ફેરવાવો.
(૮) માત્રાવાળા મૂળાક્ષરનો વધુ મહાવરો કરાવો.
(૯) આવાં બીજાં ઉદાહરણોનો મહાવરો કરાવો.
(૧૦) શબ્દો બનાવવાનો મહાવરો કરાવવો.
(૧૧) ચર્ચા અને વિદ્યાર્થીઓના અનુભવ જગતને આધારે જોડકાં જોડાવવાં.
(૧૨) અંક જોડી 'હોડી'નું ચિત્ર પૂર્ણ કરાવવું.

**આ એકમમાં આપણે શીખ્યા :**

| ભાષા | | પર્યાવરણ |
|---|---|---|
| વ, ર, સ, દ | ે ('એ'ની માત્રા) | • આસપાસની સ્વચ્છતા માટેની વ્યક્તિગત જવાબદારી. |

◆

# ૫ : અમે સૌ



બટાકું રે બટાકું
માટી નીચે ઊગતું
સૌને બહુ ભાવતું
શાકનો રાજા કે'વાતું.





એક પાન બીજું પાન
પાનની અંદર પાન
લીલાં ધોળાં પાંદડાં
કોબીજ મારું નામ.

મીઠી કેરી સૌને ભાવે
ઉનાળે એ આંબે આવે
રાજા કહી સૌ બોલાવે
મારા માટે મમ્મી લાવે.





ખાટો મીઠો મારો સ્વાદ
બાળકોને હું આવું યાદ
ઉનાળામાં કરશો ન બાદ
સંતરાં કહીને કરજો સાદ.

ગુલાબનો તો લાલ રંગ
કોમળ કોમળ એનું અંગ
પાંખડીઓનું બને ગુલકંદ
જોઈને સૌ થાય છે દંગ.





પીળા પીળા ગોટા છે.
ફૂલમાં એ ગલગોટા છે.
ફૂલહારમાં એ ઝૂલે છે.
ન સૂંઘે એ ભૂલે છે.

## નવા શબ્દો

આંબો ◆ સ્વાદ ◆ ગુલકંદ ◆ કોમળ ◆ દંગ
અંગ ◆ ફૂલહાર


## ૧. સાંભળો અને બોલો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| નજર | જાગ | મામા | બાકસ | એ | જેસર |
| અમર | નાત | કાકા | સાવજ | બેન | કેસર |
| કરમ | સાદ | દાદા | આવક | વેર | કેરમ |
| અજગર | નાદ | મારા | જાવક | સેર | એકર |
| કાન | નામ | નાના | સમાન | જેમ | દાવેદાર |
| નાક | ગામ | માસા | અનાજ | નેક | આવેદન |
| કામ | બાજ | બદામ | વરસાદ | રેસ | બારેમાસ |
| વાર | દામ | ગાજર | કદાવર | નેમ | છેકછાક |


## ૨. ઓળખો અને ◯ કરો.


| | | | | | |
|---|---|---|---|---|---|
| ક |  (ક)બૂતર |  કાગડો |  છાલ |  બતક |  મકાન |
| બ |  (બ)કરી |  બદામ |  કાબર |  બટન |  ચકલી |
| અ |  (અ)ખરોટ |  આંબળાં |  અનનાસ |  તારા |  અજગર |
| છ |  (છ)ત્રી |   છાપું |  છાબડી |  પાન |  રીંછ |


## ૩. જોડકાં જોડો.




## ૪. રંગ પૂરો.














૫. આંગળી ફેરવો :

ક બ અ છ

૬. ટપકાં જોડો.

| | | | | |
|---|---|---|---|---|
| ક | ક | ક | ક | ક |
| બ | બ | બ | બ | બ |
| અ | અ | અ | અ | અ |
| છ | છ | છ | છ | છ |
| આ | આ | આ | આ | આ |
| એ | એ | એ | એ | એ |

૭. જોઈને લખો.


| | | | | |
|---|---|---|---|---|
| ક | | | | |
| ભ | | | | |
| અ | | | | |
| છ | | | | |
| આ | | | | |
| એ | | | | |

## ૮. ઉદાહરણ મુજબ લખો.

| | | |
|---|---|---|
| અ | આ | એ |
| ક | કા | કે |
| બ | | |
| છ | | |
| ન | | |
| વ | | |
| મ | | |
| ર | | |
| ગ | | |
| સ | | |

૯. શબ્દ બનાવો.

(૧)





૧. આજ

૨.

૩.

૪.

(૨)




૧. નાગ

૨.

૩.

૪.

૧૦. વાંચો અને લખો.

| | | | |
|---|---|---|---|
| રાજા | | સેર | |
| છાબ | | દેર | |
| છાજ | | કાનન | |
| આગ | | બાવન | |
| રેસ | | બાક્સ | |
| એક | | નાનક | |

આજે રજા છે.

ગાજર ગમે છે.

વરસાદ આવે છે.

## ૧૧. ખૂટતો મૂળાક્ષર લખો.



| | | |
|---|---|---|
| ગા | જ | |



| | | |
|---|---|---|
| | દા | મ |



| | | |
|---|---|---|
| બા | | સ |



| | | |
|---|---|---|
| સા | | જ |



| | | |
|---|---|---|
| કે | ર | |



| | | | |
|---|---|---|---|
| | જ | ગ | |



| | | | |
|---|---|---|---|
| વ | | સા | |

# શિક્ષકો માટે

(૧) આપેલા બધા શબ્દો શિક્ષકે ક્રમશઃ બોલાવવા, પ્રથમ પોતે મોટા ઉચ્ચાર સાથે શબ્દ બોલવો પછી બધાં બાળકો એકસાથે એ શબ્દ બોલે. ઉદાહરણ : 'કાન'. શિક્ષક બોલશે પાછળ બધાં બાળકો એકસાથે બોલશે 'કાન'. અહીં નવા-જૂના મૂળાક્ષરોના શ્રવણ-અનુભવો પૂરા પાડવાનો હેતુ છે.

(૨) પ્રથમ હરોળમાં 'ક' ઓળખી ચિત્ર નીચેના શબ્દમાં જ્યાં 'ક' આવતો હોય તેના ઉપર ◯ કરાવવું. આવું 'બ', 'અ' અને 'છ'માં પણ કરાવવું.

(૩) શાકભાજી, ફળ, ફૂલનાં ચિત્રોને પરસ્પર જોડાવવાં.

(૪) ચિત્રમાં રંગ પુરાવો. બાળક ફળ, શાકભાજી કે ફૂલમાં કેવો રંગ પૂરવો તે જાણતો ન હોય, તો કહેવું અને લીટી (રેખા)ની બહાર રંગ ન જાય તેની તકેદારી રખાવવી.

(૫) મૂળાક્ષર ઉપર તીરની દિશામાં આંગળી ફેરવાવો.

(૬) આ પ્રવૃત્તિ બાળકને લેખન સાથે મૂળાક્ષરોનું દૃઢીકરણ અને મહાવરો મળી રહે તે હેતુ સાથે મૂકેલ છે, જેટલાં ટપકાંવાળા મૂળાક્ષરો છે તે બધાને લખાવવા.

(૭) મૂળાક્ષરની સામેની લીટીમાં મૂળાક્ષર લખાવો. આમ દરેક મૂળાક્ષરમાં કરવું.

(૮) અહીં બાળકને નવી માત્રાનો પરિચય થાય. સાથોસાથ મહાવરો પણ થાય એ હેતુ છે. ઉદાહરણમાં જેમ 'અ', 'આ', 'એ' અને 'ક', 'કા', 'કે' આપેલ છે તેમ બાકીના તમામ મૂળાક્ષરમાં કાનો અને માત્રા મૂકાવી મૂળાક્ષર લખાવો.

(૯) ઉદાહરણ મુજબ શબ્દો બનાવવા અને બાજુમાં આપેલ જગ્યામાં લખાવો. આવાં અન્ય ઉદાહરણો દૃઢીકરણ અને મહાવરા માટે આપો.

(૧૦) અહીં અનુલેખનના હેતુસર આ પ્રવૃત્તિ છે. શબ્દો અને વાક્યોને જોઈને નીચેની લીટીમાં લખાવવા. મૂળાક્ષર કે માત્રાના વળાંક સંદર્ભે જરૂર જણાય ત્યાં માર્ગદર્શન આપો.

(૧૧) ડાબી તરફના ચિત્રની સામે જે ખાનાં આપ્યાં છે તેમાં ચિત્રનું નામ લખવાનું છે. કેટલાક મૂળાક્ષર કે માત્રાવાળા મૂળાક્ષર છાપીને જ આપેલા છે. ખૂટતા મૂળાક્ષર લખાવવા અને લખાઈ ગયા પછી એ શબ્દો વંચાવો.

(૧૨) 'ફલમ્ ફૂલમ્ સબ્જીયમ્' આ રમત રમાડો.

**આ એકમમાં આપણે શીખ્યા :**

| ભાષા | | પર્યાવરણ |
|---|---|---|
| ક, બ, અ, છ | એ, આ | • શાકભાજી, ફળ, ફૂલ અને તેની ઉપયોગિતા |

◆

# ૬ : મજા પડે, મજા પડે



એક વરસની ત્રણ ઋતુઓ, ઋતુઓ
શિયાળો, ઉનાળો અને ચોમાસું.
શિયાળામાં ઠંડી બહુ પડે બહુ પડે
તાપણે તાપવાની મજા પડે મજા પડે
સ્વેટર પહેરવાની મજા પડે મજા પડે
ટોપી પહેરવાની મજા પડે મજા પડે
વસાણાં ખાવાની મજા પડે મજા પડે
એક વરસની...





ઉનાળામાં ગરમી બહુ પડે બહુ પડે
ઠંડા પાણીમાં નાહવાની મજા પડે મજા પડે
આઈસક્રીમ ખાવાની મજા પડે મજા પડે
ફરવા જવાની મજા પડે મજા પડે
એક વરસની...

ચોમાસામાં વરસાદ બહુ પડે બહુ પડે
છત્રી ઓઢવાની મજા પડે મજા પડે
રેઈનકોટ પહેરવાની મજા પડે મજા પડે
પલળવાની મજા પડે મજા પડે
એક વરસની...



## નવા શબ્દો

વસાણાં ◆ તાપણું

૧. સાંભળો અને બોલો.

| | | |
|---|---|---|
| પડ | ડિલ | પાણી |
| વડ | કિનાર | વાણી |
| પગ | મિનાર | રાણી |
| ડગ | પિતાજી | જાણી |
| રણ | માતાજી | બરણી |
| કણ | સરિતા | ચારણી |
| રાણા | કવિતા | નિસરણી |
| ડામ | વનિતા | આકારણી |
| ડાક | પરિતા | કરવતી |
| પેન | ઈસ | દાતરડી |
| દેન | તિરાડ | સાવરણી |
| વેર | ગિરનાર | સરવાણી |
| તેર | પરિવાર | ઉગમણી |
| છેદ | દીપક | આસમાની |
| વેદ | રવિવાર | જાળવણી |

## ૨. ચિત્ર જુઓ અને જવાબ આપો.







(૧) ઠંડી પડે ત્યારે કેવાં કપડાં પહેરવાં જોઈએ ?

(૨) ઉનાળામાં આપણે કેવાં કપડાં પહેરીએ છીએ ?

(૩) ચોમાસામાં વરસાદથી બચવા શું કરીએ છીએ ?

(૪) ઠંડીથી બચવા આપણે શું કરીએ છીએ ?

(૫) કપડાં સ્વચ્છ રાખવા શી જાળવણી કરીએ છીએ ?

### ૩. જોડકાં જોડો.













૪. રંગ પૂરો.







૫. ઉદાહરણ મુજબ જોડો.

| | |
|---|---|
| ગાડી | કીડી |
| કીડી | ગાડી |
| એરણ | કાતર |
| છીણી | એરણ |
| કાતર | છીણી |


## ૬. અભિનય કરો.

અભિનય કરો ભાઈ અભિનય કરો.
ગરમ કપડાં પહેરવાનો
મફલર શાલ ઓઢવાનો
તાપણે તાપ તાપવાનો, અભિનય કરો ભાઈ અભિનય કરો.
પંખાથી હવા ખાવાનો
ઠંડાં પીણાં પીવાનો
પરસેવો લૂછવાનો, અભિનય કરો ભાઈ અભિનય કરો.
વરસાદમાં નાહવાનો
છત્રી લઈ ચાલવાનો
રેઈનકોટ પહેરવાનો, અભિનય કરો ભાઈ અભિનય કરો.

## ૭. ઓળખો અને ○ કરો.

| | | | |
|---|---|---|---|
| પ | પરિતા | પવન | પલક |
| ડ | ડગ | ડમરું | વડલો |
| ત | ખાતર | શરબત | તરણું |
| ણ | જણસ | પણછ | બાણ |
| ઈ | ઈજન | ઈમારત | ઈનામ |
| ઈ | ઈડલી | ઈશાન | ઈમાન |

## ૮. આંગળી ફેરવો :



૯. ટપકાં જોડો અને લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ | પ | પ | પ | પ | પ |
| ડ | ડ | ડ | ડ | ડ | ડ |
| ત | ત | ત | ત | ત | ત |
| ણ | ણ | ણ | ણ | ણ | ણ |
| ઠ | ઠ | ઠ | ઠ | ઠ | ઠ |
| દ | દ | દ | દ | દ | દ |
| પ | | | | | |
| ડ | | | | | |
| ત | | | | | |
| ણ | | | | | |
| ઠ | | | | | |
| દ | | | | | |

૧૦. વાંચો અને લખો.


| | | |
|---|---|---|
| બાગ | બકરી | નિસરણી |
| | | |
| કીડી | વાગતી | કરવતી |
| | | |
| સાડી | ઊડતી | દાતરડી |
| | | |

મનને મને કાકડી આપી.

તમારી સાડી સારી છે.

રાજાની ગાડી કરતાં મારી ગાડી સારી.

## ૧૧. શબ્દ બનાવો.





૧. કાપડ

૨.

૩.

૪.

૫.




૧. બબડી

૨.

૩.

૪.

૫.

# શિક્ષકો માટે

(૧) આપેલા બધા શબ્દો શિક્ષકે ક્રમશઃ બોલાવવા. અહીં નવા-જૂના મૂળાક્ષરના શ્રવણના અનુભવો પૂરા પાડવાનો હેતુ છે.

(૨) ચિત્રનું બારીકાઈથી નિરીક્ષણ કરવું. ચિત્ર જોતી વખતે પૂરક પ્રશ્નો પૂછી શકાય. પહેલા ચિત્રમાં શું દેખાય છે ? શિયાળો, ઉનાળો, ચોમાસું ઋતુ છે તેના વિશે જાણકારી આપવી તેમજ દરેક ઋતુમાં જરૂરિયાત મુજબ કપડાં પહેરવાનાં હોય તે સમજાવવું એ ઉપરાંત પ્રકૃતિ એ માણવાની ચીજ છે. એ પણ સમજાવવું તેમજ નીચે આપેલા અને તેના જેવા અન્ય પ્રશ્નો પૂછવા.

(૩) ચિત્રનું અનુસંધાન સામેના ભાગમાં છે, તે ચિત્ર સાથે જોડકાં જોડાવો. ઉદાહરણ, તાપણાનું ચિત્ર છે તેને ગરમ કપડાં પહેરેલ બાળકના ચિત્ર સાથે જોડવું.

(૪) ચિત્રમાં રંગ પૂરાવો. રંગ પૂરતી વખતે વ્યક્તિગત માર્ગદર્શન આપો. તેમજ જરૂરી સૂચના આપો.

(૫) ઉદાહરણ મુજબ ઉપર-નીચે સરખા શબ્દોને જોડાવો.

(૬) વિવિધ અભિનય કરાવો કે જે ઋતુઓ અને તે મુજબ કપડાંની જરૂરિયાત અને કપડાંની જાળવણી દર્શાવતો હોય.

(૯) ટપકાં જોડી મૂળાક્ષર પૂર્ણ કરાવો.

(૧૦) શબ્દો અને વાક્યો લખાવો. અહીં આપણો હેતુ અનુલેખનનો છે. આ પ્રમાણે અભ્યાસક્રમ મુજબ શ્રુતલેખન પણ કરાવો.

(૧૧) ઉદાહરણ મુજબ શબ્દો બનાવવા અને બાજુમાં આપેલ જગ્યામાં લખાવો. આવાં અન્ય ઉદાહરણો દૃઢીકરણ અને મહાવરા માટે આપો.

**આ એકમમાં આપણે શીખ્યા :**

| ભાષા | | પર્યાવરણ |
|---|---|---|
| પ, ડ, ત, ણ | હ્રસ્વ ઇ, દીર્ઘ ઈ | • ઋતુઓ અને તે મુજબ કપડાંની જરૂરિયાત તેમજ કપડાંની જાળવણી. |

# ૭ : ચપટી વાગી







ચપટી વાગી, ચપટી વાગી, ચપટી વાગી રે
ચપ ચપ ચપ ચપ ચપટી વાગી રે
હાલતાં ચાલતાં ચપટી વગાડું
લખતાં વાંચતાં ચપટી વગાડું
ચપટી વાગી...
દોડતાં કૂદતાં ચપટી વગાડું
ખાતાં પીતાં ચપટી વગાડું
ચપટી વાગી...
ભાઈના કાનમાં ચપટી વગાડું
બહેનના કાનમાં ચપટી વગાડું
ચપટી વાગી...
પપ્પાના કાનમાં ચપટી વગાડું
મમ્મીના કાનમાં ચપટી વગાડું
ચપટી વાગી...





## નવા શબ્દો

ચપટી

૧. જવાબ આપો.

(૧) તમે કોના કોના કાનમાં ચપટી વગાડશો ?

(૨) તમારી મમ્મીનું નામ શું છે ?

(૩) તમારા પપ્પાનું નામ શું છે ?

(૪) તમારા ભાઈનું નામ શું છે ?

(૫) તમારી બહેનનું નામ શું છે ?

(૬) તમારાથી મોટું કોણ છે ? ભાઈ કે બહેન ?


(૭) પપ્પાનાં બહેનને શું કહેવાય ?

(૮) મમ્મીની બહેનને શું કહેવાય ?


(૯) પપ્પાના ભાઈને શું કહેવાય ?

(૧૦) મમ્મીના ભાઈને શું કહેવાય ?


૨. તમારા ઘરમાં કોણ કોણ રહે છે તે કહો અને ચિત્રમાં જોડો.




૩. કહો.




૪. ઓળખો અને રંગ પૂરો.




લ




ટ




ચ





ખ

## ૫. ઓળખો અને રંગ પૂરો.

| લ | ટ | ચ | ખ |
|---|---|---|---|
| ટપાલી | ચપટી | પાટલી | નાટક |
| લખોટી | ખીસું | લસણ | ખેતર |
| ચકલી | ટમેટાં | સાઈકલ | કાચ |
| ખમણ | નખ | પિચકારી | ચમેલી |

## ૬. ચિત્રને યોગ્ય મૂળાક્ષર સાથે જોડો.



૭. વાંચો.

સરસ લખ.
ચમન લખ.

ટપાલી આવે.
ટપાલ લાવે.

ખાતર નાખ.
ખેતરે ખાતર નાખ.

કાતર લાવ.
મીના કાતર લાવ.

મિનલ ભણે છે.
વિરલ ગણે છે.

સિતાર વગાડ.
નીતિન સિતાર વગાડ.

રીના પાણી આપે છે.
ટીના પાણી પીએ છે.

કરીમા કેરી ખા.
વીણા દાડમ ખા.

૮. આંગળી ફેરવો.

# લ ટ ચ ખ

૯. લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | લ | લ | લ |
| | | | | | |
| | | | ટ | ટ | ટ |
| | | | | | |
| | | | ચ | ચ | ચ |
| | | | | | |
| | | | ખ | ખ | ખ |
| | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| િ | િ | ી | ી | ે | ે | ૈ | ૈ |
| | | | | | | | |
| લ | લ | લ | લ | લ | લ | લ | લ |
| | | | | | | | |
| ટ | ટ | ટ | ટ | ટ | ટ | ટ | ટ |
| | | | | | | | |
| ચ | ચ | ચ | ચ | ચ | ચ | ચ | ચ |
| | | | | | | | |
| ખ | ખ | ખ | ખ | ખ | ખ | ખ | ખ |
| | | | | | | | |

૧૦. વાંચો અને લખો.

પૈસા

ચૈતર

દૈનિક

સૈનિક

જૈમિનિ

ઐરાવત

વૈદ

નૈના

તે કૈલાસ છે.

વૈદ દવા આપે છે.

નૈતિક પૈસા ગણે છે.

સૈનિક આવે છે.

## ૧૧. સાંભળો અને જવાબ લખો.

- દિવાળીએ આવે છે,
  મીઠાઈ કપડાં લાવે છે,
  મમ્મીના એ ભાઈ છે,
  બોલો, એ કોણ છે ?

- મને કહે છે બેબી,
  મમ્મીને કહે છે ભાભી,
  પપ્પાને કહે છે મોટાભાઈ,
  બોલો, એ મારા કોણ થાય ?

- હાથે લાકડી, આંખે ચશ્માં,
  સૌથી મોટા છે એ ઘરમાં,
  પપ્પાના એ પપ્પા થાય,
  બોલો, એ મારા કોણ થાય ?



## શિક્ષકો માટે

(૧) આપેલ પ્રશ્નો અને અન્ય પ્રશ્નો પૂછો. ઘરમાં રહેતા કુટુંબના સભ્યોથી વિદ્યાર્થીને પરિચિત કરો.

(૨) ઘરમાં રહેતા સભ્યોનાં ચિત્રો સાથે ઘરના ચિત્રને જોડાવો.

(૩) કુટુંબના સભ્યો સાથે બાળકની ક્રિયાઓના ચિત્રો વિશે સમજાવો. વિદ્યાર્થીની પોતાની દિનચર્યામાં કુટુંબના સભ્યો સાથેની ક્રિયાઓ વિશે મૌખિક અભિવ્યક્તિ કરાવો.

(૪) આપેલ ચિત્રના મૂળાક્ષરો ઓળખી રંગ પૂરાવો.

(૫) બૉક્સમાંના શબ્દોમાંથી જે-તે મૂળાક્ષર ઓળખાવો. તે મૂળાક્ષરના બૉક્સનો રંગ જે શબ્દમાં મૂળાક્ષર આવતો હોય તે બૉક્સમાં કરાવો. અહીં મીણિયા રંગ કે પેન્સિલના રંગનો ઉપયોગ કરાવો.

(૬) ચિત્રને ઓળખી એ ચિત્ર માટે વપરાતા શબ્દમાં આવતા મૂળાક્ષર પૈકી કોઈ મૂળાક્ષર લ, ટ, ચ, ખ હોય તો તેની સાથે જોડાવો.

(૭)  વાક્યોનું મોટેથી મુખવાચન કરાવો.

(૮)  મૂળાક્ષર ઉપર તીરની દિશા મુજબ વિદ્યાર્થીને આંગળી ફેરવવા કહો.

(૯)  મૂળાક્ષર અને માત્રાનું અનુલેખન કરાવો.

(૧૦) શબ્દો અને વાક્યોનું મોટેથી વાચન કરાવો અને આપેલ જગ્યામાં લખાવો.

(૧૧) ઉખાણાં સંભળાવવાં અને તેનો જવાબ બૉક્સમાં લખાવવો.

**આ એકમમાં આપણે શીખ્યા :**

| ભાષા | | પર્યાવરણ |
|---|---|---|
| લ, ટ, ચ, ખ | બે માત્રા ( ૈ ) | • કુટુંબના સભ્યો અને વડીલો સાથેનો વ્યવહાર, પરસ્પર સંબંધ સ્વીકારે અને સન્માન કરે. |

◆

# ૮ : હું તો મોટો થઈશ !




















## ૧. જવાબ આપો.

- ચંપલ સીવે / બનાવે તેને શું કહેવાય ?
- ઘર કોણ ચણે છે ?
- કરવત કોનું ઓજાર છે ?
- વાળ કાપે તેને શું કહેવાય ?
- વાહન ચલાવે તેને શું કહેવાય ?
- આકાશમાં વિમાન કોણ ઉડાડે છે ?
- બીમાર પડીએ ત્યારે દવા લેવા કોની પાસે જઈએ છીએ ?
- માટલાં કોણ બનાવે છે ?
- તમારા પપ્પા શું કામ કરે છે ?
- ખેતરમાં અનાજ કોણ પકવે છે ?
- ગાયો ચરાવનારને શું કહેવાય ?
- કપડાં સીવડાવવા કોની પાસે જશો ?


## ૨. ઓળખો અને રંગ પૂરો.





ઝ





હ




ઘ




ળ








ઊ

ઉ

## ૩. રમત



૪. આંગળી ફેરવો :

ઝ ઘ હ ળ

૫. લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઝ | ઝ | ઝ | ઝ | ઝ | ઝ |
| | | | | | |
| ઘ | ઘ | ઘ | ઘ | ઘ | ઘ |
| | | | | | |
| હ | હ | હ | હ | હ | હ |
| | | | | | |
| ળ | ળ | ળ | ળ | ળ | ળ |
| | | | | | |

ુ ુ ુ ૂ ૂ ૂ

રુ રૂ ઉ ઉ ઊ ઊ

ઘુ ઘૂ હુ હૂ ળુ ળૂ

## ૬. સાંભળો અને બોલો.

| | |
|---|---|
| હળ ચલાવે.<br>ખેડૂત હળ ચલાવે.<br>ખેતર ખેડી અનાજ પકવે.<br>ખેડૂત ખેતી કરે. | કાતર રાખે.<br>કાંસકી રાખે.<br>વાળંદ વાળ કાપે. |
| દરજી ઝભલું બનાવે.<br>ખમીસ સીવે, બટન ટાંકે.<br>દરજી સલવાર બનાવે. | એરણ પર ઘા કરે.<br>લુહાર ખીલા ઘડે.<br>લુહાર દાતરડું ઘડે.<br>લુહાર કોદાળી ઘડે. |
| સહુનાં કામ સારાં.<br>સહુનાં કામ મોટાં. | |

## ૭. વાંચો અને લખો.

| | | | |
|---|---|---|---|
| ઝાડ | | ઘડિયાળ | |
| હરણ | | નળ | |
| હુકમ | | ઉતરડ | |
| ઘર | | ઉજાસ | |
| ઘુવડ | | ઊન | |

ગોવાળ ગાય ચારે.

ખેડૂત ખેતર ખેડે.

લુહાર દાતરડું ઘડે.

વણકર કાપડ વણે.

કડિયો મકાન ચણે.

૮. જોડકણાં સાંભળો, ગાઓ અને ચિત્ર શોધી ચોંટાડો.

હળ ચલાવે, ખેતર ખેડે,
માટી ખાતર નાખે;
ઠંડી, ગરમી સહન કરીને,
ધરતી લીલી રાખે.

લાંબી લાકડી ખભે રાખી,
ગોવાળ ગાયો ચારે.
પેટ ભરીને ઘાસ ચરાવી,
સાંજે પાછો આવે.

છાતી ઉપર ભૂંગળી મૂકે,
ડૉક્ટર તાવ માપે.
જીભ તપાસે, આંખ તપાસે,
પછી દવા આપે.

ભારે મોટો ઘણનો ઘા,
એરણ માથે પડતો.
લુહાર ટીપે ગરમ લોઢું,
ખીલા સાંકળી ઘડતો.

સુથારભાઈ લાકડું લઈને,
કરવત વડે કાપે.
ટેબલ-ખુરશી કરવા માટે,
આડું-ઊભું માપે.

દરજી મારું શર્ટ સીવે ને,
ઉપર બટન ટાંકે.
બેન માટે ઘાઘરી સીવે,
ઉપર આભલાં રાખે.

કુંભારની લાકડીએ કેવો,
ચાકડો ફરતો જાય.
કૂંડી કૂંડી મટકાં સાથે,
દોણા-દોણી થાય.

કડિયો મોટો કારીગર ને
મકાન મોટાં બાંધે.
ઈંટો ઉપર ઈંટો રાખી,
સિમેન્ટ વડે એ સાંધે.

# શિક્ષકો માટે

- ચિત્ર પરથી વિદ્યાર્થીઓને વાર્તા સંભળાવો.

ભોલુ પપ્પા સાથે સ્કૂટર પર ફરવા નીકળ્યો.

રસ્તામાં ગોવાળ મળ્યો.

ભોલુ કહે, ''પપ્પા, જુઓ, ગાયો ચરાવવાની કેવી મઝા !

હું તો ગોવાળ બનીશ.''

પપ્પા કહે, ''હા ભાઈ''

આગળ જતાં લુહારને જોયો.

ભોલુ કહે, ''પપ્પા આ કોણ ?''

પપ્પા કહે, 'લુહાર'.

ભોલુ કહે, ''હું તો લુહાર બનીશ. હથોડાથી લોઢું ટીપવાની કેવી મઝા!''

(આગળ જતાં મળતા સુથાર, ડ્રાઈવર, કુંભાર, મોચી, વાળંદ, કડિયા, દરજી, ડૉક્ટર, પાઈલોટ, ટ્રાફિક પોલીસ, શિક્ષક, ફુગ્ગાવાળો વગેરે તમામ વ્યવસાયકારો વિશે આ રીતે વાર્તા આગળ વધારવી.)

ઘર પાસે એક ફુગ્ગાવાળો ઊભો હતો. પપ્પાએ ફુગ્ગો અપાવ્યો.

ભોલુ ખુશ થઈ બોલ્યો : ''ફુગ્ગા વેચવાની કેવી મઝા! હું તો ફુગ્ગાવાળો બનીશ.''

ઘરે પહોંચતાં મમ્મીએ બૂમ પાડી, ''બેટા ભોલુ. હાથ-પગ ધોઈને જમી લે. ખાઈશ નહિ તો મોટો કેમ કરતાં થઈશ ?''

ભોલુ ખુશ થઈ બોલ્યો, ''પપ્પા ચાલો જમવા. હું તો જલદી-જલદી મોટો થઈશ!''

(૧) નમૂનાના પ્રશ્નો મુજબ પ્રશ્નોત્તરી કરી કુટુંબના અને મિત્રોના કુટુંબના વ્યવસાય વિશે પ્રશ્નોત્તરી આગળ વધારવી. દરેક વ્યવસાય સારા, સરખા અને મહત્ત્વના છે તે જણાવો.

(૨) આપેલ ચિત્રમાં લખેલા મૂળાક્ષરોને ઓળખી નીચે આપેલ મૂળાક્ષર શોધાવી તેમાં પેન્સિલરંગો કે મીણિયા રંગ પૂરાવો. ચિત્રમાંથી 'ઊ' અને 'ઉ'ની ઓળખ કરાવી નિશાની કરાવવી અથવા રંગ પૂરાવો.

(૩) મૂળાક્ષર ઓળખની મેદાની રમત રમાડો. બાળક આગળના ખાનામાં કૂદતું જાય અને જે-તે ખાનાનો મૂળાક્ષર મોટેથી બોલતું જાય. ઠીકરીની રમત મુજબ પણ રમાડી શકાય.

(૪) મૂળાક્ષર પર તીરની દિશામાં વિદ્યાર્થીઓને આંગળી ફેરવવા કહો.

(૫) અનુલેખન કરાવો.

(૬) આપેલાં વાક્યો મોટેથી વાંચીને સંભળાવવાં અને વિદ્યાર્થીઓ પાસે બોલાવવાં.

(૭) આપેલ શબ્દો અને વાક્યોનું અનુલેખન કરાવો.


(૮) અહીં આપેલાં જોડકણાં ગવડાવવાનાં છે. વિદ્યાર્થી સાંભળશે અને ઝીલગાન કરશે. આપેલ બૉક્સમાં વિદ્યાર્થીઓને જે-તે વ્યવસાયકારોનાં ચિત્રો મેળવી ચોંટાડવા કહો.

**આ એકમમાં આપણે શીખ્યા :**

| ભાષા | | પર્યાવરણ |
|---|---|---|
| ઝ, હ, ઘ, ળ | હ્રસ્વ ‘ઉ’, દીર્ઘ ‘ઊ’ | • વિવિધ વ્યવસાયનું મહત્ત્વ સ્વીકારે અને સન્માન કરે. |

◆

# ૯ : પોપટે ખાધી પાકી કેરી



એક હતો પોપટ. તેને બહુ ભૂખ લાગી.
તેણે આંબા પર કેરી જોઈ, પાકી-પાકી !
આંબા પર એક કાગડો રહે. પોપટને જોઈ કાગડાએ બૂમો પાડી.
આ આંબાનું ઝાડ મારું છે.
ભાગી જા, પોપટ ભાગી જા.

કા...કા...કા... કા...કા...કા...
કાગડાની કાગારોળથી પોપટ ગભરાયો.
પોપટ ઊડીને દૂર એક ઘર પાસે ગયો.
તેની નજર મોટા રંગબેરંગી ફુગ્ગા પર પડી.



પોપટ ફુગ્ગાને ચાંચમાં લઈ
આંબા નીચે બેઠો.
તેના મનમાં એક વિચાર આવ્યો.
પોપટે પછી ફુગ્ગામાં ચાંચ મારી.
'ફટાક' અવાજ થયો. એ અવાજથી
કાગડાભાઈ બી ગયા.
કા...કા...કા... કરતા કાગડાભાઈ
ઊડી ગયા.





આંબાના ઝાડ પર જઈને
પોપટભાઈએ કેરી ખાધી.
પાકી-પાકી, મીઠી-મીઠી.
પોપટભાઈને મજા પડી.
મજા પડી ભાઈ મજા પડી
કેરી ખાવાની મજા પડી.
વાહ રે પોપટભાઈ, વાહ વાહ !




**નવા શબ્દો**

રંગબેરંગી ◆ કાગારોળ ◆ ફટાક


**૧. જવાબ આપો.**

(૧) આંબા પર કોણ રહેતું હતું ?
(૨) કાગડાએ કોને ભગાડ્યો ?
(૩) કાગડો શાથી ઊડી ગયો ?


## ૨. ઓળખો અને રંગ પૂરો.





ભ




ય




ધ




ફ

## ૩. રમત

“આવ રે કાગડા કઢી પીવા...”



## ૪. ગાઓ.

(૧) કલબલ કરતી કાબર આવી, આંગણે દાણા ખાય;
ઝઘડા-ઝઘડી ચાલે ત્યારે, માથું દુઃખી જાય.





(૨) ઊંચી ડોકે ઘૂઘૂ કરતું, રંગ ભૂખરો કાળો,
ચાંચમાં લાવે સાંઠીકડાં ને બાંધે એનો માળો.

(૩) કોયલ પેલી કૂ કૂ ગાય, ક્યાં જઈને છૂપાય ?
આંબાડાળે બેઠીબેઠી ગીતો મીઠાં ગાય !





(૪) સૌથી વહેલો ઊઠી જાતો સૂરજનો છડીદાર !
બોલે ત્યારે માની લેજો પડી ગયું સવાર !

(૫) કાળાકાળા કાગડાભાઈ, કા...કા... કરી ગાતા !
ચોરેચૌટે ઊડતાફરતા, એંઠું-જૂઠું ખાતા.



## ૫. સાંભળો અને બોલો.

| | | | |
|---|---|---|---|
| ભણ | યાદ | ભીંત | ઘેસ |
| ધણ | નાદ | જીત | ફરાક |
| ધમણ | ફાનસ | ફીરકી | ઘરાક |
| જમણ | કાનસ | પારકી | ફુદરડી |

| | | | | |
|---|---|---|---|---|
| ચોખા | કાળો | ઘોડો | મોતી | અરીસો |
| પાયો | પાટો | લખોટી | વારો | કોલસો |

ભર - ભરો
ફર - ફરો

બળદ - બળદો
ખેતર - ખેતરો

| | |
|---|---|
| ચણો - ચણા | ઘોડો - ઘોડા |
| કાંસકો - કાંસકા | ચમચો - ચમચા |
| કૂતરો - કૂતરા | દડો - દડા |
| કાચબો - કાચબા | ફુવારો - ફુવારા |

૬. રંગ પૂરો.




લીમડાની ડાળીએ બેઠો પોપટ,
લીંબોળી ખાય છે કટ કટ કટ...
વાંકી લાલ ચાંચ છે કેવી મજાની,
બોલે મધુરી મીઠી વાણી,
ઊંચે ઊંચે ઊડતા ઝટ ઝટ ઝટ...

## ૭. ગાઓ.

કાગડો કાળો ને કા...કા... કરે,
          કાગડો ઊંચે આકાશે ઊડે.
કોયલ કાળી ને કુહૂ-કુહૂ કરે.
          કોયલ આંબાની ડાળે ઝૂલે.
કબૂતર ભોળું ને ઘૂ-ઘૂ કરે.
          કબૂતર ફેરફૂદરડી ફરે.
પોપટ લીલો ને મીઠું-મીઠું બોલે.
          પોપટ ડાળે બેસીને ડોલે.
ચકલી નાની ને ચીં...ચીં... કરે.
          ચકલી ફરરરર-ફરરરર ઊડે.

– રમેશ પારેખ

## ૮. રંગ પૂરો.



૯. ટપકાં જોડો અને લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ભ | ભ | ભ | ભ | ભ | ભ |
| | | | | | |
| ય | ય | ય | ય | ય | ય |
| | | | | | |
| ધ | ધ | ધ | ધ | ધ | ધ |
| | | | | | |
| ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ |
| | | | | | |
| ઐ | ઐ | ઐ | ઐ | ઐ | ઐ |
| | | | | | |
| ઔ | ઔ | ઔ | ઔ | ઔ | ઔ |
| | | | | | |

૧૦. લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ભો | ભો | ભો | ભો | | | | |
| ભૌ | ભૌ | ભૌ | ભૌ | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| યો | યો | યો | યો | | | | |
| યૌ | યૌ | યૌ | યૌ | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ઘો | ઘો | ઘો | ઘો | | | | |
| ઘૌ | ઘૌ | ઘૌ | ઘૌ | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્ષો | ક્ષો | ક્ષો | ક્ષો | | | | |
| ક્ષૌ | ક્ષૌ | ક્ષૌ | ક્ષૌ | | | | |

૧૧. વાંચો અને લખો.

| | | | |
|---|---|---|---|
| સૌ | | કૌશિક | |
| પૌંઆ | | સૌરભ | |
| ગૌશાળા | | ભૌતિક | |
| ગૌતમ | | ભૌમિક | |
| ગૌરવ | | સૌરવ | |

ભીંડાનું શાક

ગાયનાં શિંગડાં

હાથીની પૂંછડી


રેતીનો ઢગલો


બોરનો ઠળિયો

કાચની શીશી

લાકડાની ખુરશી

## ૧૨. દોરતાં શીખો.





## ૧૩. ઉદાહરણ પ્રમાણે લખો.

| | | | |
|---|---|---|---|
| ભર | ભરો | તર | |
| ભણ | | વાંચ | |
| ફર | | નાચ | |
| જમ | | ચાલ | |

## ૧૪. ચીટકકામ

સમાચારપત્રોમાંથી પશુ, પંખી કે ફૂલછોડનાં ચિત્રો કાપીને ચોંટાડો અને નામ લખો.

૧૫. મનગમતા પંખીનાં પીંછાં ચોંટાડો.

## ૧૬. નવો શબ્દ લખો.

ભારત, જીવન → ભાજી

ફટાકડા, જામફળ → ______

ગાજર, ઉદય → ______

મગધ, જાનવર → ______

ફોગટ, કાનમ → ______

ભાજી, રણ, સાત → ______

ઈલા, યશ, વાળ → ______

ભૌમિક, તિલક, કબાટ → ______

નૌતમ, શારદા, દશક → ______

## ૧૭. લખો.

| પક્ષી | રંગ | અવાજ |
|---|---|---|
| કોયલ | કાળી | કુહૂ...કુહૂ... |
| મોર | | |
| કાગડો | | |
| ચકલી | | |
| કબૂતર | | |

## ૧૮. જોડો અને ચિત્ર પૂર્ણ કરો.

# શિક્ષકો માટે

- વિદ્યાર્થીઓને મજા પડે તે રીતે વાર્તા કહી સંભળાવો. વિદ્યાર્થીઓને આ વાર્તા નાટકરૂપે ભજવતાં શીખવો. વિદ્યાર્થીઓ આ વાર્તા રજૂ કરે એ માટે તેઓને પ્રોત્સાહિત કરો.

(૧) વાર્તા આધારિત પ્રશ્નોના ઉત્તર મેળવો.

(૨) આપેલ ચિત્રમાં લખેલા મૂળાક્ષરોને ઓળખી તેમાં રંગ પૂરાવો.

(૩) વિદ્યાર્થીઓને મેદાનમાં લઈ જઈ 'આવ રે કાગડા કઢી પીવા' રમત રમાડવી.

**રમત : આવ રે કાગડા કઢી પીવા...**

દાવ આપનાર એક જણ સિવાયના બાકીના ઢીંચણ પર હથેળી રાખી હારમાં કે ગોળમાં બેસશે. દાવ આપનાર થોડે દૂર જશે. હવે રમાડનાર કાંકરી હાથમાં લઈ, બધાએ ઢીંચણ પર મૂકેલી હથેળીમાં પોતાનો કાંકરીવાળો હાથ વારાફરતી ઘાલી કોઈની હથેળીઓમાં કાંકરી મૂકી દશે. આ પછી બધા બેઠેલા બોલશે કે,

"ચણ ચણ બગલી ચણાની દાળ,
હું પપૈયો તું મગદાળ,
આટિયાં પાટિયાં ભોંયમાં દાટિયાં
આવ રે કાગડા કઢી પીવા..."

કેટલીક જગ્યાએ ઉપરોક્ત જોડકણાંને સ્થાને...

કાગડા કાગડા કઢી પીવા આવ, શેર કંકુ લેતો આવ...
મારામાં કાંકરી ખૂંચે છે
સોનાની કાંકરી ખૂંચે છે
મારામાં કાંકરી ખૂંચે છે
રૂપાની કાંકરી ખૂંચે છે
આવ રે કાગડા કઢી પીવા

એમ પણ ગવાય છે.

આ સાંભળતાં દાવ આપનાર બધાની પાસે કા... કા... કા... કરતો આવશે અને કાંકરીવાળાને ખોળી કાઢવા પ્રયત્ન કરશે. આ વખતે બધા બેઠેલા છોકરા બોલશે કે "હાશ, કાંકરી ખૂંચે છે." અથવા "મારામાં કાંકરી ખૂંચે છે, સોનાની કાંકરી ખૂંચે છે." આમ બોલતાં બોલતાં દરેક પોતાનો પગ ઊંચો નીચો કરે. દાવ દેનાર થોડીવાર અવલોકન કરે તે પછી... જો દાવ આપનાર કાંકરીવાળા બાળકને ખોળી શકે તો તેને માથેથી દાવ ઊતરી જશે. અને તે કાંકરીવાળા બાળકને માથે દાવ આવશે. જો તે ખોળી ન શકે તો તેના માથે દાવ ચાલુ રહેશે અને ફરીથી એ જ પ્રમાણે રમત આગળ ચાલશે.

(૪) વિદ્યાર્થીઓને આ કાવ્યપંક્તિઓ ગાઈ સંભળાવો.

(૫) આપેલા શબ્દો સંભળાવો અને બોલાવો.

(૬) પોપટના ચિત્રમાં રંગપૂરણી કરાવો.

(૭) કાગડો કાળો... ગીત ગવડાવો.

(૮) ભ, ય, ધ, ફમાં વિદ્યાર્થીઓ પાસે રંગ પૂરાવી પરિચય આપો.

(૯) ટપકાં જોડો અને લખાવો તેમજ કાનો માત્ર અને કાનો બે માત્રાવાળા અક્ષરોનો મહાવરો કરાવો.

(૧૦) આ એકમમાં ભ, ય, ધ, ફ. આ ચાર મૂળાક્ષર શીખવવાના છે. ધ અને ઘ તેમજ ક અને ફ વચ્ચે લખવામાં શો તફાવત છે તે સમજાવવું. તેમાં લેખનના વળાંકની ખાસ સમજ આપવી.

(૧૧) વંચાવો અને લેખન કરાવો.

(૧૨) પક્ષીઓનાં ચિત્રો દોરતાં શીખવો.

(૧૩) ઉદાહરણ પ્રમાણે લખાવો.

(૧૪) પક્ષીઓનાં ચિત્રો કાપી ચોંટાડવાની પ્રવૃત્તિ કરાવો.

(૧૫) મનગમતા પંખીનું પીંછું ચોંટાડાવો.

(૧૬) આપેલ શબ્દોમાંથી સરખા રંગવાળા મૂળાક્ષરો લઈ નવો શબ્દ લખાવડાવો.

(૧૭) પક્ષીઓના રંગ અને તેમના અવાજનું લેખન કરાવો.


(૧૮) પ્રાણી અને પક્ષીનું ચિત્ર પૂંઠા પર ચોંટાડવું. ચિત્રના ભાગોને કાપી આ ભાગો જોડાવી આખું ચિત્ર પૂર્ણ કરવું.

**આ એકમમાં આપણે શીખ્યા :**

| ભાષા | | પર્યાવરણ |
|---|---|---|
| ભ, ય, ધ, ફ | કાનો માત્રા સાથે, ( ો )<br>કાનો બે માત્રા સાથે ( ૌ ) | – |

◆

# ૧૦ : વડદાદા



જતીન એના દાદા સાથે ફરવા ગયો. ગામના પાદરે એક મોટું ઝાડ તેણે જોયું. ઝાડ હતું વડનું. વડ જોઈ જતીન રાજી થઈ ગયો.

લાલ લાલ ટેટા જોઈ જતીને કહ્યું : 'દાદાજી, આ શું છે ?' દાદાજી કહે : 'આ વડદાદાનું ફળ છે.'

જતીન દાદાના ખભા ઉપર બેસીને પાન જોવા લાગ્યો. વડદાદાને તો મોટાં મોટાં પાન હતાં. પાન પણ લીલાં લીલાંછમ. વડદાદાનું થડ તો ખૂબ જાડું હતું. જતીને થડને બાથ ભરી પણ થડ બાથમાં ન આવ્યું.

વડલા ઉપર જતીને નજર નાખી તો એની ડાળ ઉપર એક વાંદરો બેઠો હતો.

પાદરે એક કેસૂડાનું ઝાડ પણ હતું. કેસૂડાં જોઈને જતીન રાજી રાજી થઈ ગયો.

જતીનની નજર વડદાદાના થડની નીચે પડી. તો વડદાદાનો આ ભાગ જમીનની અંદર જતો હતો. જતીને એ ખેંચી જોયું, પણ ખેંચાયું નહિ. એના દાદાને પૂછ્યું : 'દાદાજી આ શું છે ?' દાદાજીએ જવાબ આપ્યો : 'આ વડનું મૂળ છે. ઉપરથી લટકતાં દેખાતાં પણ મૂળ જ છે. એમને વડવાઈ કહેવાય. જતીને એને લટકી જોયું એને હીંચકા ખાવાની મજા પડી.'

## નવા શબ્દો

બાથ ◆ પાદર ◆ વડવાઈ

### ૧. જવાબ આપો.

(૧) તમે કયાં કયાં ઝાડ જોયાં છે ?

(૨) આંબો આપણને કયું ફળ આપે છે ?

(૩) કેરી, જામફળ, બોરને શું કહેવાય ?

(૪) ઝાડનો કયો ભાગ લીલોછમ હોય છે ?

(૫) જમીનની અંદર ઝાડનો કયો ભાગ હોય છે ?

(૬) ઝાડનો સૌથી જાડો ભાગ કયો હોય છે ?

(૭) થડમાંથી જુદા પડતા ફાંટાઓને શું કહેવાય ?

(૮) તમે કયાં કયાં ફૂલ જોયાં છે ?

(૯) વડના લટકતા મૂળને શું કહેવાય ?

### ૨. ગાઓ.

વડદાદાની લાંબી દાઢી લાંબા લાંબા વાળ,
ઑળમ્ કોળમ્ રમતાં રમતાં ભૂલાં પડ્યાં બાળ.
ઓ વડદાદા આપો ટેટા રાતા ને વળી મોટા,
પછી રમીશું આઘે જઈને આટા ને વળી પાટા.

ગાઓ.

## જાંબુડો

જાંબુડો કોણે વાવ્યો ? કોણે વાવ્યો ? કોણે વાવ્યો રે...?
જાંબુડો અમે વાવ્યો, તમે વાવ્યો, સૌએ વાવ્યો રે...
પાણી કોણે પાયું, કોણે પાયું, કોણે પાયું રે...?
પાણી અમે પાયું, તમે પાયું, સૌએ પાયું રે...
જાંબુડો કેવડો થયો ? કેવડો થયો ? કેવડો થયો રે...?
જાંબુડો આટલો થયો, આટલો થયો,
આટલો થયો રે...
જાંબુડાં કેટલાં થયાં ? કેટલાં થયાં ? કેટલાં થયાં રે ?
જાંબુડાં આટલાં થયાં, આટલાં થયાં, આટલાં થયાં રે.
જાંબુડાં કોણે ખાધાં ? કોણે ખાધાં ? કોણે ખાધાં રે ?
જાંબુડાં અમે ખાધાં, તમે ખાધાં, સૌએ ખાધાં રે.
જાંબુડો કોણે વાવ્યો ? કોણે વાવ્યો ? કોણે વાવ્યો રે...?

– શામજીભાઈ જમોડ
– તારાબહેન જમોડ

૩. સાંભળો અને બોલો.

| | | | |
|---|---|---|---|
| ટાઢ | ઢગલો | ઠંડી | ઠેકડો |
| આઠ | સાઈકલ | ઠાઠ | ઈનામ |
| ઠામ | ઈયળ | ઈદ | ઈંડું |
| રાઈ | લાઠી | ઢેલ | ઢોલ |


| | | | |
|---|---|---|---|
| રેંટિયો | નિશાળ | દરિયો | દિવાળી |
| રેડિયો | ઉનાળો | ઘડિયાળ | મંદિર |
| કિનારો | શિયાળો | મીઠાઈ | બિલાડી |
| ઠળિયો | ખિસકોલી | પતંગિયું | ઘોડિયું |
| શનિવાર | શિંગડાં | કચુંબર | પૂંછડી |

૪. વાંચો.


| | |
|---|---|
| શાક | ઢગલો |
| હાથી | ઠળિયો |
| થાળી લાવ. | થેલી આપ. |
| ગાયનાં શિંગડાં. | હાથીની પૂંછડી. |


| | |
|---|---|
| કદ | કંદ |
| સત | સંત |
| ચિતા | ચિંતા |
| વદન | વંદન |
| નદી | નંદી |
| રગ | રંગ |
| પકડવું | દોડવું |


૫. રંગ પૂરો.




## ૬. ઓળખો અને રંગ પૂરો.




## ૭. આંગળી ફેરવો.

ઢ ઠ શ ય

૮. ટપકાં જોડો અને લખો.

| | | | | |
|---|---|---|---|---|
| ઢ | ઢ | ઢ | ઢ | ઢ |
| | | | | |
| ઠ | ઠ | ઠ | ઠ | ઠ |
| | | | | |
| શ | શ | શ | શ | શ |
| | | | | |
| થ | થ | થ | થ | થ |
| | | | | |
| ઙ | ઙ | ઙ | ઙ | ઙ |
| | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ઢં | ઢં | ઢં | ઢં | ઢં |
| | | | | |
| ઠં | ઠં | ઠં | ઠં | ઠં |
| | | | | |
| શં | શં | શં | શં | શં |
| | | | | |
| થં | થં | થં | થં | થં |
| | | | | |

## ૯. ફળોનાં નામ શોધો અને લખો.

| | | | | |
|---|---|---|---|---|
| કે | રી | જા | ચ | ર |
| દા | ડ | મ | બો | લ |
| સી | તા | ફ | ળ | વ |
| ચી | કુ | ળ | કે | ળાં |

(૧) .................. (૩) .................. (૫) ..................

(૨) .................. (૪) .................. (૬) ..................

## ૧૦. વાંચો અને કહો.


શંભુએ જાંબુ ખાધાં.
ઠળિયા વાડામાં ફેંકી દીધા. ઘણા દિવસ પછી વાડામાં છોડ જોયા. તે છોડવાને રોજ પાણી પીવડાવે. પછી તે ઝાડ મોટાં થયાં. ખૂબ જ જાંબુ પાકે. હવે બધાં છોકરાં જાંબુડાં ખાય છે.



(૧) શંભુએ ઠળિયા ક્યાં ફેંકી દીધા ?

(૨) જાંબુનો રંગ કેવો હોય છે ?

## ૧૧. જોડો.



● વાંચો.

| | |
|---|---|
| નિશાળ | શિયાળ |
| હાથ | છાશ |
| થેલી | થેલો |
| ટાઢી | દાઢી |
| ઠંડી | ઢોલી |
| વંદન | કંચન |
| વૈશાખ | ખૈયામ |
| ગંગા | શંકર |
| જોસેફ | ગૌતમ |

૧૨. લખો.

મને ભાઈભાભી ગમે છે.

મૌલી દૂધી કાપે છે.

કૌશલ ગીતો ગાય છે.

રોજ સફાઈ થાય છે.

સૌને ભૂખ લાગી છે.

હું મંદિરે જાઉં છું.

## ૧૩. અલગ તારવો અને લખો.

રીંગણ

જાંબુ **ફળ** કેળાં

નારંગી

ટમેટાં

કારેલાં **શાકભાજી** મોસંબી

ભીંડા

જાસૂદ

કોબીજ **ફૂલ** દૂધી


ગુલાબ

## ૧૪. ઉદાહરણ મુજબ લખો.




| **શાકભાજી** | **ફળો** |
| --- | --- |
| રીંગણ | |
| | |
| | |

• વાંચો.



ઝાડ ફળ આપે.
ઝાડ છાંયો આપે.
ઝાડ પાન આપે.
ઝાડ ફૂલ આપે.
ઝાડ લાકડું આપે.
ઝાડ વરસાદ લાવે.

## ૧૫. ચિત્ર જુઓ અને જવાબ આપો.



(૧) આ શાનું ચિત્ર છે ?

(૨) ચિત્રમાં તમને સૌથી વધુ શું ગમ્યું ?

(૩) ચિત્રમાં બાળકો શું ખરીદે છે ?

(૪) તમે મેળામાં ક્યારે ગયા હતા ?

(૫) તમે મેળામાંથી શું ખરીદ્યું હતું ?

## ૧૬. ચિત્ર જુઓ અને જવાબ આપો.



(૧) તમે દિવાળીમાં શું શું કરો છો ?

(૨) તમે પતંગ ક્યારે ચગાવો છો ?

(૩) તમને કયો તહેવાર વધુ ગમે છે ?

(૪) ઈદના દિવસે શું કરો છો ?


(૫) નાતાલનો તહેવાર કેવી રીતે ઊજવો છો ?

## ૧૭. જોડકાં જોડો.

















# શિક્ષકો માટે

(૧) વડનું ચિત્ર બતાવી, પાઠનું શ્રવણ કરાવી પ્રશ્નોના જવાબ મેળવો.
(૨) 'વડદાદા' જોડકણાનું અને 'જાંબુડો' ગીતનું ગાન કરાવો.
(૩) શબ્દોનું શ્રવણ અને કથન કરાવો.
(૪) આપેલ શબ્દોનું વાચન કરાવો.
(૫) ઢ, ઠ, શ, થમાં વિદ્યાર્થીઓ પાસે રંગ પૂરાવી પરિચય આપો.
(૬) મૂળાક્ષરોને ઓળખાવો અને તેમાં રંગ પૂરાવો.
(૭) મૂળાક્ષર પર તીરની દિશામાં વિદ્યાર્થીઓને આંગળી ફેરવવા કહો.
(૮) ટપકાં જોડી શ, થ, ઠ, ઢ અને અનુસ્વારવાળા મૂળાક્ષરોના લેખનનો મહાવરો કરાવો.
(૯) ફળોનાં નામ શોધીને લખાવો.
(૧૦) આપેલ વાક્યોનું વાંચન કરાવવું અને મૌખિક જવાબ મેળવવા.
(૧૧) ફળના ચિત્રને તેના છોડ કે ઝાડ સાથે જોડાવો.
(૧૨) આપેલ વાક્યોનું અનુલેખન કરાવવું.
(૧૩) ફળ, ફૂલ અને શાકભાજીનું વર્ગીકરણ કરાવી આપેલ ખાનામાં તેનું નામ લખાવવું.
(૧૪) ચિત્રમાં જોઈ ફળો અને શાકભાજી જુદાં પાડી લેખન કરાવો.
(૧૫) આપેલ મેળાના ચિત્રનું અવલોકન કરાવી પ્રશ્નોના ઉત્તર મેળવવા.
(૧૬) તહેવારનાં ચિત્રોનું અવલોકન કરાવી પ્રશ્નોના ઉત્તર મેળવવા.
(૧૭) આપેલ તહેવાર અને તેની ઊજવણીનાં બંધબેસતા ચિત્રોની જોડ બનાવડાવવી.

**આ એકમમાં આપણે શીખ્યા :**

| ભાષા | | પર્યાવરણ |
|---|---|---|
| ઢ, ઠ, શ, થ | અનુસ્વાર<br>( ં ) | • મેળાઓ અને ઉત્સવોની પરંપરા વિશે સામાન્ય પરિચય મેળવે. |

◆ ◆ ◆